# શિક્ષકત્ત્વને પોંખતા શિક્ષકો

શિક્ષણ સાથે સંકળાયેલ ઘણી સંસ્થાઓમાં નાના-મોટા મંડળો કે ટ્રસ્ટ ચાલતા હોય છે. જે વિવિધ હેતુઓ સાથે વિવિધ પ્રકારની કામગીરી કરતા હોય છે. પણ અમદાવાદમાં એક મંડળ કે ટ્રસ્ટ એવું ચાલે છે કે જેના સભ્યો અત્યારે શિક્ષકો છે અને પોતાના શિક્ષક કે ગુરુના નામ નીચે આ ટ્રસ્ટ ચલાવે છે. જેનો મુખ્ય હેતુ જરૂરિયાતમંદ વિદ્યાર્થીને મદદ કરવાનો અને અન્ય વિદ્યાર્થીના વ્યક્તિત્ત્વનો કરવાનો છે. આ ટ્રસ્ટ કે મંડળ શિક્ષણક્ષેત્રે અનેક રીતે પ્રેરણારૂપ બની શકે તેમ છે.

વાત એમ બની હતી કે, અમદાવાદમાં નવરંગપુરા વિસ્તારમાં પ્રાથમિક શિક્ષકો તૈયાર કરતી એક કોલેજ આવેલ છે. જે દર વર્ષે પ્રાથમિક શિક્ષણ માટે શિક્ષકો તૈયાર કરીને સમાજમાં મોકલે છે. ખૂબ જ નામના ધરાવતી અને નૈતિકતાના ધોરણે સુંદર રીતે કામ કરતી આ સંસ્થામાંથી બહાર પડતા કે સમાજમાં આવતા શિક્ષકો સ્વાભાવિક છે કે ઉમદા વ્યક્તિત્ત્વ ધરાવતા જ હોય. આ સંસ્થામાંથી બહાર પડતા, જુદી જુદી શાળા અને જુદા જુદા વિસ્તારમાં નોકરી કરતા કેટલાક શિક્ષકો ક્યાંકને ક્યાંક મળતા હોય ત્યારે પોતાની સંસ્થા વિશે વાતો વાગોળતા. જેમાંથી કોઈ ભાઈએ સૂચન કરેલું કે, આપણે આ રીતે ક્યારેક ક્યારેક મળીએ છીએ અને છૂટા પડીએ છીએ, આપણ બધાને આપણી સંસ્થા માટે અનહદ માન છે, આપણા જીવનને સમાજ માટે તૈયાર કરવામાં આપણી સંસ્થા કે આપણા ગુરુઓનું અનન્ય પ્રદાન છે. સાથે એક વાસ્તવિકતા એવી પણ છે કે, ટેકનોલોજીના યુગમાં સમાજ ભલે વિકસિત થતો હોય છતાં કેટલાક વિદ્યાર્થીઓ આર્થિક કારણોસર યોગ્ય રીતે વિકાસ સાધી શકતા નથી. ત્યારે આ પરિસ્થિતિમાં આપણે શિક્ષકોએ આપણી સંસ્થા પ્રત્યેનું તેમજ આપણા ગુરુઓ પ્રત્યેનું ઋણ અદા કરવાનો પ્રયત્ન કરવો જોઈએ તેમજ જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને ભણવા માટે મદદરૂપ થઈને શિક્ષક તરીકેની અનન્ય સેવા બજાવીને સમાજને પણ કશુંક આપવું જોઈએ. આવા વિચારો કરતા પાંચપંદર શિક્ષકોએ નક્કી કર્યું કે, આપણા જીવનમાં સૌથી વધારે આદર્શરૂપ જે શિક્ષક કે ગુરુ હતા તેમના નામે જ અને તેમની પ્રેરણા લઈને એક નાનું મંડળ કે ટ્રસ્ટ બનાવીએ. વિચાર સારો હતો. તરત જ બધાના મોઢાંમાંથી એક જ નામ ઓવચું કે, તો તો ગાંધીવાદી અને આદર્શોના હિમાયતી એવા શ્રી પી.યુ.જોશી સાહેબના નામે જ ટ્રસ્ટ બનાવીએ. અને સ્વભાવે અને કર્મે આ તમામ શિક્ષકોએ ચોક્કસ હેતુઓ લઈને ટ્રસ્ટની સ્થાપના પણ કરી દીધી.

મિત્રો. અહીં નોંધનીય બાબત એ છે કે, આ ટ્રસ્ટની રચના શિક્ષકોએ કરી છે. આ શિક્ષકોએ ટ્રસ્ટનું નામ પોતાના ગુરુના નામથી આપ્યું છે. જે ગુરુ આજે ૮૭ વર્ષના છે. દોસ્તો, એટલું જ નહીં આ ટ્રસ્ટ પોતાના કોઈ ફાયદા માટે નહીં, પણ વિદ્યાર્થીઓના વિકાસ માટે રચાયું છે. આમ શિક્ષક પણ આજીવન વિદ્યાર્થી છે એ ઉક્તિ આ શિક્ષકોએ સાર્થક કરી બતાવી છે. વળી અધૂરામાં પૂરું કર્યું ગુરુ પી.યુ.જોશી સાહેબે. પોતાના સગાં અને પરિચિતો પાસેથી દાન મેળવ્યું. જેના થકી શિક્ષક તૈયાર કરતી જુદી જુદી કોલેજોમાં વિવિધ પ્રકારની તાલીમાર્થીઓના વિકાસ માટેની પ્રવૃત્તિઓ કરે છે. ઉપરાંત આર્થિક જરૂરિયાતમંદ વિચર્થીને ભણવા માટેની સગવડો પૂરી પાડે છે.

પોતાના ગુરુમાંથી પ્રેરણા લઈને જીવન જીવતા આ શિક્ષકોએ ગુરુને પણ એક બાબતમાં પ્રેરણા આપી. શિક્ષકોને લાગ્યું કે, આપણા આદર્શ આ ગુરુમાંથી આપણે ઘણું શીખ્યાં છીએ જેનો લાભ તેમના હાથ નીચે ન ભણેલાને ન મળ્યો હોય તે સ્વાભાવિક છે. તો એવું શું કરી શકાય કે જેથી તમામ શિક્ષકોને

તેમના વિચારો તેમના આદર્શોનો લાભ મળે. વિચારણાને અંતે શિંક્ષકરૂપી આ વિચર્થીઓએ પોતાના ગુરુને કહ્યું કે, "સાહેબ, આપ આપનું જીવનચરિત્ર લખો." કારણ કે અમને સુવાસ મળી છે તેને અમારે પ્રસરાવવી છે. શિક્ષકોરૂપી આ વિચર્થીઓના આગ્રહને પ્રેરણા માનીને ગુરુએ પોતાના જીવનની કેટલીક ઘટનાઓને કંડારવાનું શરૂ કર્યું. અંતે પુસ્તક પ્રકાશન સમિતિ રચાઇ. સરસ મજાનું પુસ્તક છપાયું. પુસ્તકનું શીર્ષક તો જૂઓ ! " પુનિત ઝરણું સ્વર્ગથી ઊતર્યું છે ." હવે આ પુસ્તક લોકો સુધી પહોંચાડવું કેવી રીતે ? પુસ્તકની એક હજાર નકલો છપાવી. અને નક્કી થયું કે, ગુજરાત યુનિવર્સિટીના સેનેટ હોલમાં જ આવતી કાલે છઠ્ઠી જાન્યુઆરીએ શિક્ષણવિદ્દો અને સાહિત્યકારોની વચ્ચે તેનું લોકાર્પણ કરવું. એટલું જ નહીં લોકાર્પણ વખતે હાજર તમામ લોકોને આ પુસ્તક વિના મૂલ્યે આપવું. તેમજ શિક્ષણ પ્રશિક્ષણની કોલેજોમાં પણ આ પુસ્તકની કેટલીક નકલો મોકલવી.

મિત્રો. આ ઘટના અનન્ય એટલા માટે છે કે, અહીં ભૂતકાળના વિચર્થીઓ જે આજે શિક્ષકો છે તેઓ જુદા જુદા વિસ્તારની શાળામાં નોકરી કરે છે, છતાં પોતાના ગુરુને ભુલ્યા નથી. જેમના વિચારોનો લાભ આપવા માટે આ રીતે પુસ્તક લખાવીને પ્રકાશિત કરે તે ઘટના અનન્ય જ કહેવાય. અહી શિક્ષકરૂપી વિદ્યાર્થીઓએ પોતાની ખાનદાનીનો આદર્શ નમૂનો સમાજ અને શિક્ષણક્ષેત્રને પૂરો પાડીને શિક્ષકત્ત્વને પોંખ્યું છે. તો વળી ગુરુએ નિષ્ઠા અને આદર્શથી બજાવેલ ફરજને ૮૭ વર્ષે પણ બિરદાવવામાં આવે છે, જે ગુરુ માટે તો ખરી આમદાની જ કહેવાય. ત્યારે પ્રશ્ન થાય કે,ગુરુની આમદાની ચઢી ગઇ કે શિક્ષકરૂપી વિચર્થીઓની ખાનદાની. આવા ગુરુઓ અને આવા વિદ્યાર્થીઓ આપણા સમાજમાં અનેક ખૂણેખાંચરે હશે જ. જેમના માટે આ પ્રસંગ એક પ્રેરણાદાયી બની રહેશે. ગુજરાતમાં સેવાભાવી નિષ્ઠાવાન આદર્શરૂપ એવા ગુરુઓ માટે તેમના વિદ્યાર્થીઓ કશુંકને કશુંક કરતાં રહેશે તો આજે ફરજ બજાવતા શિક્ષકોને પણ પ્રેરણા મળશે, તેમના કામમાં આત્મવિશ્વાસ અને ગુણવત્તાનો વધારો થશે.

આ શિક્ષકરૂપી વિદ્યાર્થીઓની વધુ ખાનદાની કે શિક્ષક્ત્વને વધાવવાની અન્ય વાત તો જૂઓ. તેમને જાણવા મળ્યું કે, ગુજરાતના જ એક શિક્ષણવિદ્, કે જેઓ આંતરરાષ્ટ્રીય શિક્ષણકાર છે. જેમણે યુનેસ્કોમાં પણ શિક્ષણ માટે સેવા આપેલ છે. જેમની વિચારધારા પ્રમાણે માત્ર ભારતમાં જ નહીં દેશવિદેશમાં શિક્ષણની નીતિઓ ઘડાયી છે. આવા શિક્ષણવિદ્નો જન્મ દિવસ પણ છઠ્ઠી તારીખે છે. તો તેમનો જન્મદિવસ પણ પુસ્તકના લોકાર્પણ કાર્યક્રમમાં ઊજવવો. વાચકોએ નોંધ એ લેવાની છે કે, આ શિક્ષણવિદ્ શ્રી રવિન્દ્ર દવે એ આયોજનકર્તાના સગાં નથી કે મિત્ર નથી. પણ તેમણે શિક્ષણક્ષેત્રે આપેલી સેવાને ધ્યાને લઇને શિક્ષકરૂપી વિદ્યાર્થીઓ તેમનો જન્મદિવસ કેક કાપીને ઉજવશે. હકીકતમાં અહીં શિક્ષકત્ત્વની ઉજવણી થાય છે. જે અન્ય રીતે નાના માણસો દ્વારા મોટા માણસો – મહાનુભાવને આપેલ પ્રોત્સાહન જ ગણી શકાય. આવી ઘટનાઓ સમાજમાં જેટલી વધારે બને તેટલી શિક્ષણની સેવા વધુ થઇ ગણાશે. તેમજ શિક્ષકને વિદ્યાર્થી માટે તો વળી વિદ્યાર્થીને શિક્ષક માટે વધારે આદર ઊભા થશે. જે અંતે તો શિક્ષણ અને સમાજના હિતમાં જ હશે.